# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- રાજ્યના મેડિકલ, ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદિકના અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો
- વરસાદને કારણે મોકૂફ રખાયેલી GPSCની ડેપ્યુટી સેક્શન ઓફિસરની પરીક્ષા હવે આઠથી 11 સપ્ટેમ્બર દરમિયાન લેવાશે.
- **ગુજરાતની પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી અને સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટી બીકાનેર વચ્ચે** પ્રાકૃતિક ખેતી અંગે સમજૂતી કરાર થયા.
- રાજ્યમાં મોસમનો સરેરાશ 111 ટકા વરસાદ નોંધાયો - આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી
- સુરેન્દ્રનગર જિલ્લામાં 6 થી 9 સપ્ટેમ્બર સુધી તરણેતરનો ભાતિગળ મેળો યોજાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# INTERN DOCTOR'S STIPEND RISE

રાજ્ય સરકારે સરકારી અને GMERS મેડિકલ કૉલેજમાં સેવારત ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો કર્યો છે.. મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદિકના અભ્યાસક્રના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોને પણ વધારાનો લાભ મળશે.. સ્ટાઇપેન્ડ દરમાં વધારો પહેલી એપ્રિલ 2024ની અસરથી અમલમાં આવશે..

આ વધારા અનુસાર ઇન્ટર્ન્સને 21 હજાર 840 રૂપિયા, ડેન્ટલમાં 20 હજાર 160 રૂપિયા, ફિઝીયોથેરાપીમાં 13 હજાર 440 રૂપિયા તેમ જ આયુર્વેદ અને હોમિયોપેથીમાં 15 હજાર 120 રૂપિયા સ્ટાઇપેન્ડ મળશે. ડિગ્રીના મેડિકલ રેસીડેન્ટ્સ, ક્લીનીકલ આસિસ્ટન્ટ, સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના પહેલા, બીજા, ત્રીજા મેડિકલ રેસીડેન્ટ્સને પણ આ વધારાનો લાભ મળશે.

રાજ્યની 6 સરકારી અને 13 ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત મેડિકલ કૉલેજના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમ જ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઇપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------

-રીપીટ

# GPSC EXAM

ગુજરાત જાહેર સેવા આયોગ - GPSCની જાહેરાત મુજબ ડેપ્યુટી સેક્શન ઑફિસરની પરીક્ષા 8, 9, 10 અને 11મી સપ્ટેમ્બરે લેવાશે.. સતત ચાર દિવસ ચાલનારી આ પરીક્ષા લેવા માટે GPSCએ તમામ તૈયારીઓ કરી દીધી છે..

તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે આ પરીક્ષા મોકૂફ રખાઇ હતી, પરંતુ હવે વરસાદની પરિસ્થિતિમાંથી રાહત મળતાં GPSCએ આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરી દીધી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# Governor M.O.U.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં **ગુજરાતની પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી અને સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટી બીકાનેર વચ્ચે** પ્રાકૃતિક ખેતી અંગે સમજૂતી કરાર થયા છે, જે અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગે બંને વિશ્વવિદ્યાલયમાં સંશોધનથી લઈ અન્ય પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન થશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિ પર યોજાયેલા બે-દિવસના રાષ્ટ્રીય સંગોષ્ઠિના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કર્યું હતું.

રાજ્યપાલશ્રી એ રસાયણિક ખેતીની ગંભીરતાને જોતાં પ્રાકૃતિક ખેતીની દિશામાં પગલાં લેવા માટે સ્વામી કેશવાનંદ રાજસ્થાન કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અરુણ કુમારને અભિનંદન આપ્યા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગામનો રૂપિયો ગામમાં રહે અને શહેરનો રૂપિયો પણ ગામમાં આવશે ત્યારે ખેડૂત સમૃદ્ધ બનશે, અને તે પ્રાકૃતિક ખેતીથી સંભવ બનશે. દેશમાં પ્રાકૃતિક કૃષિ અપનાવાની તાતી જરૂરીયાત છે.

કાર્યક્રમમાં પોસ્ટર પ્રસ્તુતિમાં ઉત્તમ વિધાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- માં ખા /રૂપલ -(NAVIN)

# Kheda Malnutrition Free

ખેડા જિલ્લાને કુપોષણમુક્ત બનાવવા બાળકોને પોષણયુક્ત આહાર મળે તે માટે એક ડેરી દ્વારા 1 હજાર પોષણક્ષમ આહારની કીટનું વિતરણ કરાયું છે. તાલુકાકક્ષાના અધિકારીએ બાળકોને એનર્જી બાર, ફ્રૂટ જ્યુસ અને પ્રોટીનયુક્ત ચોકલેટ કુકીઝની કીટ આપી હતી.

ખેડા જિલ્લાના અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે, જિલ્લાના 316 ગામની 516 આંગણવાડીના 1 હજાર અતિગંભીર કુપોષિત બાળકોને કુપોષણમુક્ત કરવા તથા પોષણ અંગે જાગૃતિ લાવવા કૂપોષણમુક્ત ખેડા જિલ્લા અભિયાનનો પ્રારંભ કરાયો છે.

---------------------------------------------------------------------

- ખેડા- પીટીસી- રિધ્ધિ

-(NAVIN)

# Patan - Paryushan

જૈન ધર્મના મહાપર્વ પર્યુષણનો પ્રારંભ થયો છે. પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણ નિમિત્તે પાટણ સહિત જિલ્લામાં આવેલા દેરાસરો ખાતે ધર્મમય માહોલમાં પર્યુષણનો શુભારંભ થયો, જિનાલયો તેમજ ઉપાશ્રયોમાં જૈન શ્રાવક શ્રાવિકાઓ દ્વારા આરાધના, તપ અને ઉપવાસ શરૂ થતાં દેરાસરો અને જીનાલયોમાં ભક્તિમય વાતાવરણ જોવા મળી રહ્યું છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, પાટણ સહિત જૈન તીર્થધામ શંખેશ્વર તેમ જ જિલ્લાના અન્ય સ્થળોએ આવેલ જિનાલયો ખાતે પર્યુષણ પર્વના પ્રારંભથી જૈન શ્રાવક શ્રાવિકાઓ દ્વારા ૮ દિવસની આરાધના અને ઉપવાસ શરૂ કરાયા છે. પંચાસરા જિનાલય ખાતે જૈન મહિલા મંડળ દ્વારા સ્ત્રોતજ્ઞાનનું આયોજન કરાયું હતું.

પર્યુષણ પર્વના સાતમા દિવસે વિવિધ ઉપાશ્રયોમાં જન્મ કલ્યાણકની પણ ધર્મમય માહોલમાં હર્ષોલ્લાપૂર્વક ઉજવણી કરાશે.

---------------------------------------------------------------------

- Ptc /રમેશ સોલંકી /રૂપલ

-(NAVIN)

# GUJARAT RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટવાથી પૂરથી અસરગ્રસ્ત જિલ્લાઓની સ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. જોકે, રાજ્યમાં અત્યાર સુધીમાં 982 મિલીમીટર વરસાદ સાથે મોસમનો સરેરાશ 111 ટકા વરસાદ નોંધાયાના અહેવાલ છે. સૌથી વધારે 179 ટકા વરસાદ કચ્છ ઝોનમાં તો સૌરાષ્ટ્રમાં 125 ટકા વરસાદ વરસ્યો છે. ગયા વર્ષે મોસમનો સરેરાશ 108 ટકા વરસાદ વરસ્યો હતો.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં કુલ સંગ્રહશક્તિના સાડા 85 ટકા જેટલો જળસંગ્રહ થઈ ગયો છે. જ્યારે રાજ્યના કુલ 206 ડેમમાંથી 110 ડેમ સંપૂર્ણ રીતે ભરાઈ ગયા છે. જ્યારે 42 ડેમ 70થી 100 ટકા વચ્ચે ભરાયા છે. તો 130 ડેમ હાઈ-અલર્ટ, 16 ડેમ અલર્ટ અને 6 ડેમ ચેતવણી પર છે. હવામાન વિભાગે ચોથી સપ્ટેમ્બર સુધીમાં દરિયો ન ખેડવા સૂચના આપી છે.

પૂરના કારણે રાજ્યમાં સર્જાયેલી પરિસ્થિતિને પહોંચી વળવા હાલ રાજ્યમાં NDRFની 10, SDRF 27 અને આર્મીની ચાર ટુકડી તહેનાત છે.

---

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે.

જ્યારે આવતીકાલે સૌરાષ્ટ્રના ભાવનગર, દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચમાં, મધ્ય ગુજરાતના આણંદ, પંચમહાલ અને દાહોદમાં ભારે વરસાદની શક્યતા છે. તેમ જ વડોદરા, છોટાઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં માત્ર નવ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર આંકડા અનુસાર, સૌથી વધારે 24 મિલીમીટર વરસાદ સુરત શહેરમાં અને ભાવનગરમાં 15 મિલીમીટર વરસાદ વરસ્યો છે.

---------------------------------------------------------------------

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# PATAN DAM OVERFLOW

પાટણ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ સરેરાશ 83 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. ચાણસ્મા તાલુકામાં ત્રણ અને હારીજ તાલુકામાં ત્રણ એમ કુલ 6 નાની સિંચાઈ યોજનાઓ કાર્યરત્ છે. જેમાં કુલ 266.82 MCFT જળસંગ્રહ થયો છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લાના ખોખલા સિંચાઇ તળાવમાં પણ 111.82 MCFT પાણીનો સંગ્રહ થયો છે. આ ઉપરાંત 154 અનુશ્રવણ, 131 આડબંધો અને 7 ચેકડેમોમાં પણ વરસાદને પગલે પાણી ભરાતા પિયતને લાભ થવાની શક્યતાઓ વધી છે.

---------------------------------------------------------------------

- પાટણ-પીટીસી-રિધ્ધિ

-(NAVIN)

# VADODARA ROGCHALO

વડોદરા શહેરમાં પૂરની સ્થિતિ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળાને અટકાવવા માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની 44 મોબાઈલ ટુકડી કામ કરી રહી છે. ઉપરાંત ઘરે ઘરે દેખરેખ માટે 450થી વધુ ટુકડી લોકોના આરોગ્યની સંભાળ રાખી રહી છે.

વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવે જણાવે છે કે, માત્ર બે - ત્રણ દિવસમાં આરોગ્ય વિભાગે 1 લાખ 40 હજારથી વધુ ઘરની તપાસ કરી કુલ 7 લાખ 58 હજાર લોકોના આરોગ્યની ચકાસણી કરી છે. આ સાથે 32 હજારથી વધુ ઘરોમાં ફોગીંગ કરાયું.

---------------------------------------------------------------------

- વડોદરા – પીટીસી - રિધ્ધિ -(NAVIN)

# VALSAD ROGHCHALO

વલસાડ જિલ્લામાં ચોમાસાની સિઝન શરૂ થતા જિલ્લામાં ડેન્ગ્યુના કેસ ઉપર કાબૂ મેળવવા જિલ્લા આરોગ્ય વિભાગની 582 ટુકડીએ જિલ્લામાં જાગૃતિ અભિયાન શરૂ કર્યું હતું. 30 ઓગસ્ટ સુધીમાં તાવ અને અન્ય ડેન્ગ્યુના સામાન્ય લક્ષણ ધરાવતા એક હજાર 98 શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીના નમૂના લેવામાં આવ્યા હતા.

વલસાડ જિલ્લાની કુલ 452 જેટલી બાંધકામ વિસ્તારના સંચાલકોને જિલ્લા આરોગ્ય વિભાગે નોટિસ પાઠવી હતી. જિલ્લા આરોગ્ય વિભાગે લોકોને સામાન્ય તાવ આવતો હોય ત્યારે નજીકના તબીબીની જરૂરી સલાહ લેવા અપીલ કરી છે.

---

- PTC-VALSAD-NAVIN PATEL, HARSHAL PANDYA, SONAL

# KUTCH ELECTRICITY

કચ્છમાં ચક્રવાત અને ડીપ ડિપ્રેશનની અસરના કારણે હજી પણ 294 ગામ વીજ પૂરવઠા વગરના છે. ત્યારે વીજ પૂરવઠો પૂર્વવત્ કરાવવા વીજ તંત્રની 41 ટુકડી કામે લાગી છે.

પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, મુન્દ્રામાં 66 કેવીનું પેટામથક પાણીમાં ગરકાવ થતાં 150 જેટલા ઉદ્યોગને અસર થઈ છે. જ્યારે ભુજ PGVCL વર્તુળના 742 ગામમાં વીજ પૂરવઠો ખોરવાયો હતો. ઉપરાંત 629 જેટલા થાંભલા અને 10 જેટલા ટ્રાન્સફોર્મર પણ પડી ગયા હોવાના અહેવાલ છે.

---------------------------------------------------------------------------

-(PTC – WEST KUTCH – PRAVESH)
-(NAVIN)

# Tarnetar melo- SURENDRANAGAR

સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાતો પ્રખ્યાત તરણેતરનો મેળો 6 સપ્ટેમ્બર થી 9 સપ્ટેમ્બર સુધી યોજાશે.

સુરેન્દ્રનગર જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ તરણેતર ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ પસાર કરી જિલ્લા કલેકટરને મોકલી તરણેતરનો મેળો યોજવા અસમર્થતા દર્શાવાઈ હતી. પરંતુ ગઈકાલે તરણેતર ખાતે સંસદસભ્ય ચંદુ સિહોરા, ધારાસભ્ય શામજી ચૌહાણ, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા તરણેતર ગ્રામ પંચાયતના સરપંચ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં તરણેતરનો મેળો યોજવાનો સર્વ સંમતિથી નિર્ણય લેવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

- REPEAT

# RAILWAY SPECIAL TRAIN TRIP

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે વિશેષ ભાડા પર ચાર જોડી વિશેષ ટ્રેનની ટ્રિપ્સ લંબાવવામાં આવી છે, જે મુજબ અમદાવાદ-આગરા કેન્ટ ત્રિ-સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ચોથી સપ્ટેમ્બરથી 15 નવેમ્બર 2024 સુધી લંબાવવામાં આવી છે. આ જ રીતે આગ્રા કેન્ટ-અમદાવાદ ત્રિ-સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ત્રીજી સપ્ટેમ્બરથી 14 નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

જ્યારે અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ત્રીજી સપ્ટેમ્બરથી 12 નવેમ્બર સુધી અને કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને બીજી સપ્ટેમ્બરથી 11 નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

---

-(ડીડી ન્યૂઝ ગુજરાતી – પ્રવેશ)

-(NAVIN)